# ઊંઝામાં મનસ્વી રીતે ઉંચી ફી ઉઘરાવી રહેલી શાળાઓ

## વિવિધ પ્રકારની ફી ના નામે શિક્ષણનો વેપલો છતાં તંત્રના આંખ આડા કાન


ઊંઝા, તા. ૮

શિક્ષણનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે, પરંતુ ઊંઝામાં હજુ પણ કેટલીક સ્વનિર્ભર શાળાઓ દ્વારા ટ્યુશન ફી, સત્ર ફી, પ્રવેશ ફી, મકાન ફંડ કે ડોનેશન જેવા વિવિધ નામે ઊંચી ફી વસુલ કરવામાં આવી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

શિક્ષણના નામે વેપલો ચાલી રહ્યો હોય તેમ કેટલીક સ્વનિર્ભર શાળાઓના સંચાલકો અને ટ્રસ્ટીઓ દ્વારા બાળકોના વાલીઓ પાસેથી મનસ્વી રીતે તગડી ફી વસુલવામાં આવી રહી છે. ઉંચી ફી અને ડોનેશન ઉઘરાવતી શાળાઓની માન્યતા રદ કરવા અંગે રાજ્યના સંયુક્ત શિક્ષણ નિયામકે અગાઉ ચિમકી આપી હોવા છતાં ઊંઝા વિસ્તારમાં તેની કોઈ અસર જણાતી નથી અને શિક્ષણના નામે શાળા સંચાલકો તેમજ ટ્રસ્ટીઓ મનફાવે તે રીતે શાળાના મકાનના વિકાસના નામે વાલીઓ પાસેથી ડોનેશન ઉઘરાવી રહ્યા છે.

નવાઈની વાત તો એ છે કે જિલ્લા પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણાધિકારી તરફથી પણ ખોટી રીતે ઊંચી ફી વસુલ કરતી શાળાઓમાં કોઈ પ્રકારની તપાસ કરવામાં નથી આવતી. કે આ શાળાઓથી માન્યતા રદ કરવા બાબતે કોઈ કાર્યવાહી પણ કરવામાં નથી આવતી. જેના પરિણામે વાલીઓ પાસેથી જુદા જુદા નામે ઉંચી ફી ઉઘરાવતા આ શાળાઓના સંચાલકોને જાણે કોઈનો ડર ન રહ્યો નથી. બાળકોને શિક્ષણ સારૂ મળે તે હેતુથી વાલીઓ ના છૂટકે પણ ઉંચી ફી ચુકવીને આ શાળાઓમાં બાળકોને અભ્યાસ તો કરાવે છે પરંતુ તેમના મનમાં ફી બાબતે નારાજગી સતત છવાયેલી રહે છે.

શહેરમાં અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સૌથી વધુ ફી લેવાઈ રહી છે જેમાં જુનિયર અને સિનિયર કે.જી.માં બાળકોને ભણાવવા માટે બાળક દીઠ અંદાજે વાર્ષિક રૂપિયા ૨૦ થી ૨૫ હજારની ફી વસુલાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે કેટલીક શાળાઓમાંના વાલીઓને ફીની પાવતી કે રસીદ પણ આપવામાં આવતી નથી તેવું જાણવા મળી રહ્યું છે.




અંબાજી ખાતે તા. ૧૧,૧૨,૧૩ ફેબ્રુઆરી દરમ્યાન અતુલ્ય અવસર ઉજવાશે. જેના વિશ્વભરના ૫૧ શક્તિપીઠના એક સાથે દર્શનનો લાભ સૌને મળશે. આ દર્શાવતા હોર્ડીંગ્સ ચારેબાજુ લગાવવામાં આવ્યા છે. જેથી કરીને વધુ ને વધુ દર્શનાર્થીઓ તેનો લાભ લઈ શકે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ઊંઝામાં ચાલીસ હજારની રોકડ ભરેલી બેગની ઉઠાંતરી

ઊંઝા, તા.૮

ઊંઝા ખાતે જાહેર રાજમાર્ગ પર આવેલ કન્યા છાત્રાલય બિલ્ડીંગમાં સાગર સહયોગ પાર્લરના સંચાલકને છેતરીને અજાણ્યા શખ્સો રૂપિયા ૪૦ હજારની રોકડ રકમ ભરેલી બેગની ઉઠાંતરી કરી ગયા હતા. બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ પાર્લરના સંચાલકને દૂધનું એક કેરેટ ખૂણામાં પડયું છે કહીને છેતર્યા હતા સંચાલક જયારે દૂધની વાન પાસે બેગ મુકી કેરેટની તપાસ કરવા ગયા ત્યારે આ શખ્સોએ બેગની ઉઠાંતરી કરી હતી. પાર્લર પર લગાડેલા સીસીટીવી કેમેરાના ફુટેજમાં આ શખ્સોના ચહેરા સ્પષ્ટ દેખાતા ના હોવાથી તેમની ઓળખાણ થઈ શકી નથી.

# પ્રાંતિજ કોર્ટનો જુનિયર કલાર્ક લાંચ લેતા ઝડપાયો

પ્રાંતિજ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલી કોર્ટમાં જુનિયર કલાર્ક કાનુની સલાહકાર સમિતિમાં સેવકની ભરતીના મામલે રૂ. ૧૦૦૦ની લાંચ લેતા ઝડપાઈ ગયો હતો. આ જુનિયર કલાર્કને એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા છટકુ ગોઠવીને રંગે હાથ ઝડપી પાડયો હતો.

પ્રાંતિજના રેલવે સ્ટેશન પાસે આવેલ કોર્ટ સંકુલમાં ફરજ બજાવતા પોગલુ ગામના પારસ હર્ષદભાઈ પટેલે હાઈકોર્ટ દ્વારા શહેરોમાં કાનુની સલાહકાર સમિતિઓની રચના કરવામાં આવનાર છે તેમાં સેવક તરીકે નોકરી અપાવવા રૂપિયા એક હજારની લાંચ મેળવી હતી. આ લાંચ તેમણે તેમના પોતાના ગામના દક્ષેશ પ્રજાપતિ પાસે માંગી હતી પરંતુ દક્ષેશ પ્રજાપતિએ પહેલેથી હિંમતનગર એલસીબીને જાણ કરતા પી.આઈ. જયેન્દ્રસિંહ વાઘેલા સહિતની અધિકારીઓની ટીમે પારસ પટેલને લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો. આ બનાવની વાત વિજળી વેગે કોર્ટ સંકુલમાં ફેલાઈ જતા બીજા કર્મચારીઓમાં સોંપો પડી ગયો હતો.

# ધાનેરામાં ઘર કંકાસથી કંટાળી ટૂંપો ખાઈ યુવકે કર્યો આપઘાત

ધાનેરા, તા. ૮

ધાનેરા તાલુકાના માંડલ ગામની સીમમાં એક ૨૩ વર્ષીય યુવકે બાવળના ઝાડ સાથે ગળે ટૂંપો ખાઈ મોતને વ્હાલુ કરતા ચકચાર મચી જવા પામી છે. આ યુવકે રોજબરોજના ઘર કંકાસને પગલે આત્મહત્યાનુ પગલું ભર્યું હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે.

પોલીસ સૂત્રોએ આપેલી વિગતો મુજબ, ધાનેરા તાલુકાના માંડલ ગામની સીમમાં સુમા લખાભાઈ રાણાભાઈ કોળી (ઠાકોર) બાવળ કાપવાનો ધંધો કરી જીવન વ્યતિત કરતો હતો. જો કે પત્ની સાથેના રોજબરોજથી મૂળ રાજસ્થાનનો વતની ૨૩ વર્ષીય યુવક કંટાળી ગયો હતો.

દરમ્યાન લખાભાઈના સસરા લખાભાઈની પત્નીએ તેના પિયર લઈ ગયા હતા. જેથી રોજબરોજના ઘર કંકાસ અને પત્નીના ગૃહત્યાગથી કંટાળેલા લખાભાઈ રાણાભાઈએ પોતાની પહેરવાની લૂંગીથી બાવળના ઝાડ સાથે લટકી જઈ આ ફાની દુનિયાને અલવિદા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. જો કે પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ધાનેરા આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. આબાદખાન ધાસુરાએ હાથ ધરી છે. આમ રોજબરોજના કજીયાથી કંટાળેલા શ્રમિક યુવાનના મોતથી ચર્ચાઓએ જોર પકડ્યું હતુ.

# ઊંઝામાં ધોળે દિવસે ચોરી થતા સનસનાટી

## નજીકમાં જ યોજાયેલ લગ્નપ્રસંગમાં હાજરી આપવા ગયેલા પરિવારના મકાનનું તાળુ તોડી રૂપિયા એક લાખથી વધુની ચોરી

ઊંઝા, તા.૮

ઊંઝા શહેરમાં ઉમિયા માતાજીના મંદિરની પાછળ આવેલ સોસાયટીમાં લગ્નપ્રસંગે ગયેલ એક પરિવારના ઘરની તિજોરીમાંથી ધોળે દિવસે રૂપિયા એક લાખ ઉપરાંતની કિંમતના સોનાના દાગીના તેમજ રોકડ રકમની ઉઠાંતરી કરવાનો ચોંકાવનારો બનાવ બનતાં શહેરમાં સનસનાટી મચી જવા પામી હતી.

ઉમિયા મંદિરની પાછળ આવેલ રઘુવીર સોસાયટીમાં મકાન નં.૧૨માં રહેતા મણીલાલ શંકરભાઈ પટેલ પોતાના મકાનની નજીકમાં જ યોજાયેલ લગ્નપ્રસંગે પરિવાર સહિત હાજરી આપવા ગયા હતા. આ દરમિયાન માત્ર પંદર મિનિટના ગાળામાં તેમના મકાનનું તાળું તોડીને ઉઠાવગીરોએ સોનાની ત્રણ વીંટી, દોરો અને ડોકિયું તેમજ રોકડ રકમ મળીને રૂપિયા ૧.૧૬ લાખની મત્તાની ચોરી કરી હતી. ધોળે દિવસે ઘરફોડ ચોરીની આ ઘટના બનતા સોસાયટીના રહીશો સહિત શહેરીજનોમાં સનસનાટી મચી ગઈ હતી અને આ ચોરીમાં કોઈ જાણભેદુનો હાથ હોવાની આશંકાઓ વ્યકત કરાઈ હતી. ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાણંદના ઈયાવા ગામ પાસે પેટ્રોલપંપ પર લૂંટારાઓ ત્રાટક્યા

અમદાવાદ, તા.૮

શહેરમાં લૂંટારુ ટોળકી પોલીસને પડકાર ફેંકતી હોય તેમ એક પછી એક તબક્કાવાર લૂંટના બનાવો પ્રકાશમાં આવતા હોય છે. ત્યારે ગત મોડી રાત્રે અમદાવાદ જીલ્લાના સાણંદના ઈયાવા ગામ પાસે આવેલા પેટ્રોલપંપ પર પાંચ બુકાનીધારી લૂંટારાઓ ત્રાટક્યા હતા. પરંતુ પેટ્રોલપંપના કર્મચારી અનો ચોકીદારની નીડરતાથી સામનો કરતા લૂંટારાઓ ટકી શક્યા ન હતા, અને અંતે લૂંટારાઓ કોઈપણ પ્રકારનો મુદ્દામાલ લીધા વિના ફરાર થઈ ગયા હતા તેમજ પેટ્રોલપંપના કર્મચારીએ લૂંટારાઓનો જોરદાર પ્રતિકાર કરતા તમંચો ત્યાં જ છોડીને લૂંટારાઓ નાસી છુટ્યા હતા. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર ગત મોડી રાત્રે ૨:૦૦ વાગ્યાથી ૨:૫૦ દરમ્યાન અમદાવાદ જીલ્લાના સાણંદ તાલુકાના ઈયાવા ગામ પાસેના એસ્સાર પેટ્રોલપંપ પર પાંચ બુકાનીધારી લૂંટારાઓ લૂંટ માટે આવ્યા હતા પરંતુ પેટ્રોલપંપ ઉપર ફરજ બજાવતા ખુમાનસિંહ દિગ્વિજયસિંહ સોલંકી અનો ગણેશભાઈ ભરવાડે આ લૂંટારાઓનો સામનો કરતા લૂંટારાઓ નાસી ગયા હતા.

# ટાઈલ્સની ફેક્ટરીમાં યુવાને ગળાફાંસો ખાધો

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં કાટવાડ પાસે આવેલ જાણીતી ટાઈલ્સ બનાવતી કંપની એશિયન ટાઈલ્સની ફેક્ટરીમાં કામ કરતા એક મજુર યુવાને કોઈ અગમ્ય કારણોસર ગણાફાંસો ખાઈ પોતાની જીવનદોરી ટુંકાવી દીધી હતી.

પ્રાંતિજ પાસેના નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ કાટવાડ પાટીયા પાસેની એશિયન ટાઈલ્સની ફેક્ટરીમાં કામ કરતા યુવાન રાજુ સાહેબસિંહ નામના યુવાને કોઈ અંગત કારણોસર ફેક્ટરીમાં જ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ફેક્ટરીમાં કામ કરતા બીજા મજૂરોની નજર પડતા તેમણે તુરંત જ પ્રાંતિજ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે જઈ આગળની તપાસ કાર્યવાહી હાથ ધરી હતી.

# સરનામુ પુછવાના બહાને ૨.૫૦ લાખની ચીલઝડપ કરનાર ઝડપાયો

અમદાવાદ, તા.૮

રામોલ વિસ્તારમાં સરનામુ પુછવાના બહાને રૂા. ૨.૫૦ લાખની ચીલઝડપ કરનારા બે આરોપીની અંતે સરદારનગર પોલીસે ધરપકડ કરી છે. અંદાજે ત્રણેક દિવસ પહેલા રામોલ વિસ્તારમાં આવેલ સૂર્યા ફલેટ નીચે અનિલભાઈ પુરૂષોત્તમ પુજારાની કારમાંથી રૂા. ૨.૫૦ લાખની ચીલઝડપ કરનારા આરોપી જીગ્નેશ ઉર્ફે જીગ્નુ તથા મયુરને રૂા. ૨.૫૦ લાખ તથા એક બાઈક સાથે ઝડપી પાડ્યા છે.

આ આરોપીઓ સરદારનગર પોલીસે બાતમીના આધારે પકડી પાડ્યા હતા તેમજ પુછપરછ દરમ્યાન વધુ ગુનાના ભેદ ઉકેલાય તેવી શક્યતા દર્શાવાય છે.

# કેન્દ્રીય જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા યોજાઈ






(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા. ૮

દાંતીવાડા સરદાર કૃષિનગર વિદ્યાલય ખાતે કેન્દ્રિય જવાહર નવોદય વિદ્યાલયની ધોરણ-૬ની પ્રવેશ પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં ૫૫૦ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ મહોલમાં પરીક્ષા આપી હતી.

દાંતીવાડા સરદાર કૃષિનગર વિદ્યાલય ખાતે સરદાર કૃષિનગર વિદ્યાલયના સંચાલન હેઠળ કેન્દ્રીય જવાહર નવોદય વિદ્યાલયની ધોરણ-૬ની પ્રવેશ પરીક્ષા યોજવામાંઆવી હતી. પરીક્ષા બે વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાંપ્રથમ વિભાગમાં ૨૮૫ અને બીજા વિભાગમાં ૨૬૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષામાં અનિચ્છનીય બનાવ ન બનેતે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સમગ્ર પ્રક્રિયા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.

# નરહરિ અમીન સ્ટેટ કન્ઝયુ. ફેડરે.ના ચેરમેન પદે ચૂંટાયા

અમદાવાદ, તા.૮

ગુજરાત સ્ટેટ કો.ઓ. કન્ઝ્યુમર્સ ફેડરેશનના ચેરમેન તરીકે પાંચ વર્ષ માટે નરહરિ અમીન બિનહરીફ ચૂંટાયા છે. નરહરિ અમીન વર્ષ ૨૦૦૦થી સતત ચાર ટર્મથી બિનહરીફ ચેરમેન તરીકે ચૂંટાતા આવ્યા છે. મહેસાણા જીલ્લાના ભાજપના આગેવાન પોપટલાલ શંકરલાલ પટેલ પાંચ વર્ષ માટે બિનહરીફ વાઈસ ચેરમેન તરીકે ચૂંટાયા છે. ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ કન્ઝયુમર્સ ફેડરેશનની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં નીચેના ૧૦ સભ્યો ડાયરેક્ટર તરીકે બીનહરીફ ચૂંટાયા છે.

| નામ | હોદ્દો | સંસ્થાનું નામ |
|---|---|---|
| નરહરિ અમીન | ચેરમેન | ધી ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ, કન્ઝયુ. કો.ઓ. સ્ટોર્સ લી. ગુજ. યુનિવર્સિટી |
| પોપટલાલ શંકરલાલ પટેલ | વા.ચેરમેન | ધી મહેસાણા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ. કન્ઝુ ફેડરેશન લી. |
| ગૌતમ હિંમતલાલ સંઘવી | ડાયરેક્ટર | ધી મ્યુનિ. સેન્ટ્રલ કો.ઓ. કન્ઝયુ. સ્ટોર્સ લી. |
| વિનોદ ફુલાભાઈ પટેલ | ડાયરેક્ટર | ધી આણંદ દૂધ વાપરનારી અને મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી. અપના બજાર. |
| પ્રકાશ ઓચ્છવલાલ સોની | ડાયરેક્ટર | ગોધરા મધ્યસ્થ સહકારી ભંડાર લી. અપના બજાર |
| લીલાચંદ વીરદાસ પટેલ | ડાયરેક્ટર | ધી મહેસાણા જિલ્લા સહકારી, ખરીદ-વેચાણ સંઘ લી. |
| ખેમાભાઈ હીરાભાઈ પટેલ | ડાયરેક્ટર | ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી. |
| બાબુલાલ કાળીદાસ પટેલ | ડાયરેક્ટર | ધી બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી. |

# વેજલપુરની ખાનગી શાળાના પ્રિન્સિપાલ સામે ભારે હોબાળો

## વર્ગમાં ખાલી બોટલમાં પેશાબ કરનાર વિદ્યાર્થીને જ ગુસ્સે ભરાયેલા મહિલા પ્રિન્સિપાલે પેશાબ પીવડાવતા ચકચાર

અમદાવાદ, તા.૮

વિદ્યાને કલંકિત કરતી એક કરતાં એક વિદ્યાર્થીને પેશાબ પીવડાવતા સમગ્ર સ્કુલ આલમમાં



તેથી મહિલા પ્રિન્સિપાલે તાત્કાલીક વિદ્યાર્થીને બોલાવી ખખડાવ્યો

ઘટના અમદાવાદના વેજલપુર સ્થિત ડોનબોસ્કો સ્કુલમાં બની છે. ડોનબોસ્કો સ્કુલની મહિલા પ્રિન્સિપાલે ધોરણ-૬માં અભ્યાસ ચકચાર મચી ગઈ હતી. ઘટનાબાદ વિદ્યાર્થીના પરિવારજનોએ સ્કુલમાં જઈ હોબાળો મચાવ્યો હતો. પહેલા મહિલા પ્રિન્સિપાલે આવું કોઈ કૃત્ય કર્યું નથી તેવું જણાવ્યું હતું પણ મામલો પોલીસ સ્ટેશને પહોંચતા તેમણએ આવુ કૃત્ય કર્યું હોવાનું કબુલ્યું હતું.

આ ઘટનાની વિગત એવી છે કે અમદાવાદના વેજલપુર સ્થિત ડોનબોસ્કો સ્કુલમાં ધોરણ-૬માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને પેશાબ લાગતા તે વર્ગખંડની બહાર પેશાબ કરવા માટે નીકળ્યો હતો પણ અચાનક પ્રિન્સિપાલે એ સમયે દેખા દેતા વિદ્યાર્થી ગભરાઈ ગયો હતો અને ડરીને વર્ગખંડમાં પાછો જતો રહ્યો હતો પણ પેશાબને રોકવાનું અસહ્ય થતાં વિદ્યાર્થીએ વર્ગખંડમાં પડેલી ખાલી બોટલમાં પેશાબ કરી લીધો હતો. પણ આ બોટલ પર સ્કુલના પટ્ટાવાળાની નજર જતાં તેણે આ અંગે પ્રિન્સિપાલને જાણ કરી હતી. હતો અને ગુસ્સાથી લાલચોળ થયેલા મહિલા પ્રિન્સિપાલે વિદ્યાર્થીને પેશાબ પીવડાવ્યો હતો. આ ઘટનાની વિદ્યાર્થીએ ઘરે જાણ કરતા વિદ્યાર્થીના વાલીએ સ્કુલમાં જઈ હોબાળો મચાવ્યો હતો. શરૂઆતમાં મહિલા પ્રિન્સિપાલે આવી કોઈ ઘટના બની જ નથી તેવું જણાવી વાલીઓને ગેરમાર્ગે દોર્યા હતા. પણ વાલીઓએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ઘટનાની ફરીયાદ કરતાં મહિલા પ્રિન્સિપાલ ગભરાઈ ગયા હતા અને ત્યારબાદ તેમણે આ કૃત્ય કર્યું છે તેવું એકરાર કર્યા હતો. પોલીસે ફરીયાદના આધારે મહિલા પ્રિન્સિપાલ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં છેલ્લા ઘણા સમયથી શિક્ષણને કલંક લગાવતી ઘટનાઓ વદી છે. વિદ્યાર્થીને માર મારવાની ઘટના હોય કે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવાની ઘટના હોય કે પછી પેશાબ પીવડાવાની આ ઘટનાઓનો અંત આવતો નથી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન